**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૭૮ ટકા

# શહેરના રાખડીબજારમાં ધમધમાટ

## આવતીકાલે ભાઈ-બહેનના પવિત્ર પ્રેમના પર્વ રક્ષાબંધનની વિવિધ તૈયારીઓ

ગાંધીનગર, તા.૨૦

આવતીકાલે ભાઈ અને બહેનના પવિત્ર સંબંધનું પર્વ રક્ષાબંધન છે ત્યારે શહેરના બજારોમાં રાખડી ખરીદવા માટે બહનોની ભીડ જામી હતી. રાખડી બજારોમાં ૨૦૦થી વધુ રંગબેરંગી વેરાયટીઓ હતી. બહેનો દ્વારા મંડપ બાંધીને રાખડીઓના સેલ સાથે જ રજાનો દિવસ હોવાથી માર્કેટમાં દુકાનો-લારીઓમાં ધસારો જોવા મળ્યો હતો.

બજારોમાં રાખડીઓની સાથે સાથે ભાઈઓ પોતાની બહેનો માટે ભેટ સોગાદ લેતા જોવા મળી રહ્યા છે. જેમાં સાડીઓ, આર્ટીકલ, ચોકલેટસ જેવી ગીફ્ટ ખરીદવામાં આવે છે.

**શ્રાવણ સુદ પૂનમને રવિવારે રક્ષાબંધન પર્વની ઉજવણી કરાશે. આ વર્ષે રક્ષાબંધનનું પર્વ સવારે ૭.૫૪ થી મોડી રાત સુધી મનાવી શકાશે. લોકભાષામાં બળેવને બ્રાહ્મણોની દિવાળી તરીકે ઓળખવામાં આવે છે. કમળના પુષ્પ અર્પણ કરવાનો વિશેષ મહિમા આ દિવસે શિવ પુરાણમાં આલેખાયેલો છે.**

રાખડીઓ છે. જે ૨૦ રૂપિયાથી ૧૦૦ રૂપિયાના ભાવે ઉપલબ્ધ ભારે ક્રેઝ જોવા મળે છે. જયારે નાના બાળકો માટે છોટાભીમ, માંગ છે. બ્રેસલેટવાળી રાખડી, કલકત્તી રાખડી, કોપરમાંથી બનેલી રાખડી, કીવા રાખડી વગેરે જેની પ્રાઈઝ વધારે હોય છે, કીવા રાખડી સૌથી મોંઘી ૩૮૦ રૂપિયામાં મળે છે. જેમાં કોપરની બનાવટ જોવા મળે છે ત્યારબાદ એડી રાખડી જે ૨૦૦ રૂપિયામાં રાખડીઓનું પણ ધૂમ વેચાણ થઈ રહ્યું છે. આ ઝુમખાવાળી રાખડીઓમાં ૫૦ ઉપરાંત વેરાયટી છે. આ રાખડીઓ રૂ. ૨૦થી ૨૫૦ રૂ. સુધીની મળે છે.

બહેન ઉપરાંત માતા અને ગુરુ પણ રક્ષા બાંધી શકે છે. રાખડીનો આ કાચો દોરો ભાઈ



**રાખડી બાંધવા માટેના શુભ ચોઘડિયા**
- લાભ : સવારે ૯.૩૯ થી ૧૧.૧૪ કલાક સુધી
- અમૃત : સવારે ૧૧.૧૪ થી ૧૨.૫૦ કલાક સુધી
- શુભ : બપોરે ૨.૨૫ થી ૪.૦૦ કલાક સુધી
- શુભ : સાંજે ૭.૧૧ થી ૮.૩૬ કલાક સુધી
- અમૃત : રાત્રે ૮.૩૬ થી ૧૦.૦૦ કલાક સુધી
- અભિજિત : બપોરે ૧૨.૨૪ થી ૧.૧૫ કલાક સુધી

**રાખડી બાંધતી વખતેનો શ્લોક**
યેન બધ્ધો બલિ રાજા દાનવેન્દ્રો મહાબલઃ ।
તેનત્વામ અનુબદ્નામિ રક્ષે મા ચલ મા ચલઃ ॥





રાખડીની ખરીદી થતાં વેપારીઓમાં રોનક આવી ગઈ હતી. સેકટર-૨૧, સેકટર-૨૪, સેકટર-૭ના બજારોમાં મોટા મોટા ડ્રેસના કાપડ, પર્સ, મગ, ઘરેણાં, સોના-ચાંદીના સિક્કા તથા નાની બહેનો માટે રમકડાંની વિવિધ વેરાયટી, પીકનીક બેગ, ગીફ્ટ

આ વર્ષે બજારોમાં રૂ.૧૦થી રૂ. ૩૦૦ સુધીની અવનવી રાખડીઓ છે. જેમાં સૌથી વધારે ટ્રેન્ડમાં સુખડની છે. ઉપરાંત અવનવા કલબના નાના-મોટા ગોટાઓ, ડિઝાઈનેબલ, સુતર, રૂદ્રાક્ષ, સુખડની, ચાંદીની રાખડીઓનો લિટલ ક્રિષ્ના, માયફ્રેન્ડ ગણેશા સહિતની લાઈટ અને મ્યુઝિકવાળી તેમજ બોલતી રાખડીઓની પણ બજારમાં સારી મળે છે.

રક્ષાબંધનના દિવસે નણંદ ભાભીને રાખડી બાંધવાનો ક્રેઝ હોવાથી બજારમાં ભાભી બહેનના પ્રેમને મજબૂતી આપે છે. રાખડીની આ ડોર જેટલી પવિત્ર હોય છે તેટલી જ તાકાતવર પણ હોય છે.

## સમદર્શન આશ્રમના કૃપાનિધિ મહાદેવ મંદિરનો પાટોત્સવ ઉજવાયો : પૂ. ગુરુમાની ઉપસ્થિતિમાં રુદ્રાભિષેક



ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના સેક્ટર-૧માં સમદર્શન આશ્રમ પરિસરમાં બિરાજમાન શ્રી કૃપાનિધિ મહાદેવનો પાટોત્સવ આજે ભક્તિભાવપૂર્ણ વાતાવરણમાં ઉજવાયો હતો. પરમ પૂજ્ય ગુરુમા સમાનંદ સરસ્વતીજીની પાવન ઉપસ્થિતિમાં મહાપૂજાનું આયોજન કરાયું હતું, જેમાં એકાદશ દ્રવ્યોથી રુદ્રાભિષેક કરાયો હતો.

ગાંધીનગરના શિવમંદિરોમાં આગવું મહાત્મ્ય ધરાવતા કૃપાનિધિ મહાદેવ મંદિરની પ્રાણ-પ્રતિષ્ઠા ૧૪ વર્ષ પહેલાં શ્રાવણ સુદ તેરસના રોજ કરાઈ હતી. આજે કૃપાનિધિ મહાદેવ મંદિરની પ્રાણ-પ્રતિષ્ઠા ને ૧૪ વર્ષ સંપન્ન થયા છે. આ પાવન પ્રસંગે પૂજ્ય ગુરુમાની ઉપસ્થિતિમાં મહાપૂજા યોજાઈ હતી. રુદ્રાભિષેક પછી ભાવિક- ભક્તોએ ભજન-કીર્તન કર્યા હતા. કોરોનાની ગાઈડલાઈન્સના ચુસ્ત પાલન સાથે ભકતોએ દર્શનનો લાભ લીધો હતો.

## ભીના-સૂકા કચરાને અલગ રાખવા ડસ્ટબીન આપવા વસાહત મહામંડળની માંગણી

ગાંધીનગર, તા.૨૦

ભીનો અને સૂકો કચરો જુદો હશે તો જ ઉપાડવાના મ્યુનિસિપલ તંત્રના કડક આદેશને પગલે શહેરીજનોમાં કચવાટ જોવા મળી રહ્યો છે. શહેરીજનો અને ડોર-ટુ-ડોર કચરો લેવા આવનાર સફાઈ કર્મચારીઓ વચ્ચે રકઝક અને માથાકૂટના કિસ્સા વધી રહ્યા છે. તેથી ગાંધીનગર શહેર વસાહત મહામંડળે ભીના અને સૂકા કચરાને અલગ અલગ રાખવા નાગરિકોને ડસ્ટબીન નંગ-૨ આપવા મ્યુનિસિપલ કમિશનરને વિનંતી કરી છે. નવા મ્યુનિ. કમિશનર આવતાં જ તેમણે નિયમના ફરજિયાત પાલન માટે સૂચના આપતા ભીનો-સૂકો કચરો અલગ આપવાનું ફરજિયાત બનાવ્યું છે. તેથી ભીના અને સૂકા કચરાનું વર્ગીકરણ ના કરેલ હોય તેવા ઘરોએથી કચરો ઉપાડવામાં આવતો નથી. આ અંગે વસાહતીઓમાં દ્વિધા રજૂઆત અનેક સેકટરના તથા ન્યુ ગાંધીનગરના વસાહતીઓ તરફથી ઉઠી રહી છે. આથી બે અલગ અલગ ડસ્ટબીન કોર્પોરેશન દ્વારા પૂરા પાડવામાં આવે તેવી રજૂઆત શહેર વસાહત મહમંડળે કરી છે. જેથી શહેરીજનો આ કચરાને વર્ગીકૃત કરીને બે ડસ્ટબીનમાં અલગ રીતે મુકી શકે.

નાગરિકો કચરાનું વર્ગીકરણ કરીને ડસ્ટબીનનો ઉપયોગ કરવા સહમત છે પરંતુ નગરની ઘણી સોસાયટી/વિસ્તારોમાં આ બાબતની જાણ પણ નથી. લોકો આ વિષયે પૂરી સમજણ કેળવી શકયા નથી. આવા સંજોગોમાં કચરો ના જ ઉપાડવો એવો નિર્ણય અત્યંત દુઃખદ બાબત છે. તેથી હાલ પૂરતું આ નિર્ણય પરત્વે પુનઃ વિચારણા કરીને જનજાગૃતિ કેળવવા પ્રત્યેક વિસ્તારમાં આયોજન બદ્ધ કામગીરી કરવા તથા લોક લાગણીને ધ્યાનમાં લઈને બે ડસ્ટબીનની વ્યવસ્થા ગોઠવવા વસાહત મહામંડળે મ્યુનિસિપલ કમિશનરને અપીલ કરી હતી.

## આ રક્ષાબંધને ભાઈ-બહેનના પ્રેમની અભિવ્યક્તિમાં શોકનું વિઘ્ન

### કાળમુખી કોરોનાએ અનેક ઘરોમાંથી ભાઈ-બહેન, માતા-પિતા છીનવ્યા છે, જેથી શોકમગ્ન પરિવારો ભવ્ય ઉજવણી ટાળી રક્ષાસુત્રની થતી પરંપરા જાળવશે

ગાંધીનગર, તા. ૨૦

દેશભરમાં શ્રાવણ સુદ પૂનમને રવિવારના રોજ ભાઈ-બહેનના પ્રેમનો પવિત્ર તહેવાર રક્ષાબંધન મનાવવામાં આવશે. પરંતુ આ વર્ષે આ તહેવારમાં ઉજવણીનો અભાવ સ્પષ્ટ જોવા મળશે. ચાર માસ અગાઉ કોરોનાની બિમારીએ મચાવેલા હાહાકારે અનેક ઘરોમાં સ્વજનો આ ખપ્પરમાં હોમાઈ ગયા છે જેથી નજીકના જ આ તહેવારમાં આ પરિવારો શોકમગ્ન હોવાથી ફક્ત રક્ષાસુત્રની આપ-લે કરવાની પરંપરા જાળવી સંસ્કૃતિની આ ધરોહરને કે જે ભગવાને પણ અપનાવી હતી તેને યથાવત્ રાખશે.

દેશભરમાં કોરોનારૂપી બિમારીએ હાહાકાર મચાવીને આજથી ત્રણ-ચાર માસ પહેલા અનેક બહેનોના ભાઈ અને અનેક ભાઈઓની બહેનોને છીનવી લીધા છે. ત્યારે તે પછી દેશમાં હિંદુ સંસ્કૃતિનો સૌથી વધુ આસ્થા ધરાવતો તહેવાર શ્રાવણ સુદ પૂનમને રવિવારના રોજ આવી રહ્યો છે. ત્યારે આ તહેવાર શોકમનગ્ન બની રહેવાની સંભાવના રહેલી છે. જેમાં વળી ગુજરાત રાજ્યમાં તેની અસરો વધુ જોવા મળશે. અનેક પરિવારો હજુ પણ પોતાના સ્વજન ગુમાવ્યાનું દુઃખ વિસરી શક્યા નથી અને તે દરમ્યાન સંબંધોમાં પ્રેમની અભિવ્યક્તિનું ઉત્તમ પર્વ રક્ષાબંધન આવતાં અનેક બહેનો અને ભાઈઓ પોતાની ભાઈ-બહેન આ પર્વએ આ દુનિયામાં ન હોવાના ભારે આઘાતથી આંસુ સારી રહ્યા છે.

જેથી પોતાના સ્વજનની વિદાય પછીના આ પ્રથમ તહેવારમાં શોક નામનું વિઘ્ન કોરોનાએ ઉભુ કરી દેતાં રક્ષાસુત્રની યથાર્થતા તેઓ માટે આ વર્ષે ફીક્કી બની છે. ભગવાન દ્વારા શરૂ કરાયેલા આ પવિત્ર તહેવારે આ શોકમગ્ન પરિવારો ઉજવણીઓ ટાળી ફક્ત રક્ષાસુત્રની થતી પરંપરાને જ અનુસરશે તેવુ જાણવા મળ્યુ છે. આ અંગે મીનાબેન ભટ્ટ નામની બહેને જણાવ્યું છે કે કોરોનાની બિમારીથી મારા ભાઈનું આ વર્ષે અવસાન થયુ છે જેથી આ વર્ષે મારી રાખડીને મારા ભાઈનો હાથ નહીં મળે અને અમો હજુ શોકમગ્ન જ છીએ જેથી ફક્ત રક્ષાસુત્ર (રાખડી) તહેવારના આગળ-પાછળનો દિવસોમાં ભાઈના ઘરે મોકલી આપીશુ.

આમ આ વર્ષે ભાઈ-બહેનના પવિત્ર તહેવાર રક્ષાબંધનને કોરોના નામનું ગ્રહણ લાગ્યુ છે જે અનેક પરિવારોને અસરકર્તા બનશે જે ખરેખર હિંદુ ધર્મ માટે આઘાતજનક બન્યુ છે.

## કુડાસણ સ્થિત શુકન સ્કાય સોસાયટી ખાતે કરાટેનાં વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાઈ



ગાંધીનગર, તા.૨૦

વાડોકાઈ કરાટે-ડો ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા કુડાસણ ખાતે આવેલ શુકન સ્કાય સોસાયટીના મલ્ટીપરપઝ હોલમાં નિયમિત કરાટેનાં વર્ગોનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. આ વર્ગમાં અભ્યાસ કરતા ૧૬ જેટલા વિદ્યાર્થીઓએ કરાટેની વિવિધ બેલ્ટની પરીક્ષા સફળતાપૂર્વક સંપન્ન કરી હતી.

ગત ૧૯મી સપ્ટેમ્બરનાં રોજ આ વિદ્યાર્થીઓને બેલ્ટની વિવિધ પદવીઓ એનાયત કરવાનો કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં વાડોકાઈ કરાટે ડો ફેડરેશન ઓફ ઈન્ડિયાના ચેરમેન અને ચીફ ટેક્નિકલ ડાયરેક્ટર શીહાન શ્રી અરવિંદભાઈ રાણાના વરદ હસ્તે વિદ્યાર્થીઓને બેલ્ટની પદવી એનાયત કરવામાં આવી હતી. પદવી એનાયત કરતા પહેલાં વિદ્યાર્થીઓએ ઉપસ્થિત વાલીગણ સમક્ષ પોતે શીખેલી વિવિધ ટેક્નિકસનું રોમાંચક નિદર્શન કર્યું હતું.

કાર્યક્રમનાં અંતમાં શિહાન શ્રી અરવિંદભાઈ રાણાએ વિદ્યાર્થીઓને શારીરિક ઉન્નતિ માટે સ્વાસ્થ્યપ્રદ ભોજન કરવા તથા અનુશાસનમાં રહી માતા-પિતાની આજ્ઞાનું પૂરેપૂરું પાલન કરવા પ્રેરણા આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને બૌદ્ધિક વિકાસનું મહત્વ સમજાવી રસપૂર્વક અભ્યાસ કરવા પ્રેરણા આપી હતી.

આ કાર્યક્રમમાં કરાટેની રાજ્ય કક્ષાની સ્પર્ધામાં વિજેતા થનાર બે વિદ્યાર્થીઓનો સોસાયટીનાં સેક્રેટરી શ્રી શૈલેષભાઈ પંચાલનાં વરદ હસ્તે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રણવ વ્યાસ દ્વારા કરવામાં આવ્યું હતું.

## દાંડી કુટીર આસપાસ સરીસૃપોના કુદરતી વસવાટને વિકાસનો 'ડંખ' લાગ્યો..!!

### વાવોલ ફાટકથી લઇને સે-૨૯ના ફાટક સુધી રેલવેલાઈન આસપાસ વર્ષોથી સાપનું નેચરલ હેબિટાટ : ચોમાસુ સાપ માટે પ્રજનન-પ્રસુતિ કાળ હોવા સાથે ખોરાકની સીઝન : વિકાસના પગલે સર્પોની રોજીંદી જીવનચર્યામાં ડિસ્ટર્બન્સ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના મહાત્મા મંદિર નજીક દાંડી કુટીરની આસપાસ સાપ નીકળવાની ઘટના વારંવાર સર્જાઇ રહી છે. છેલ્લાં એક સપ્તાહમાં આ વિસ્તારમાં પાંચેક સાપના રેસ્કયું કોલ રેસ્કયુઅર્સને મળ્યાં હતા. તાજેતરમાં એક ધામણનું રેસ્કયુ સ્નેક રેસક્યુઅર તુષાર પરીખ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમના જણાવ્યા અનુસાર આ વિસ્તારમાં હજુ પણ વધુ બે સર્પ અને તેના પંદરેક જેટલાં બચ્ચાઓ હોવાનું અનુમાન છે, અહિ રાત્રિના સમયે કાળોતરો એટલે કે કોમન ક્રેટ જેવા ઝેરી સાપ પણ જોવા મળે છે. દાંડીકુટિર આસપાસનો રેલ્વે લાઈન નજીકનો અવાવરુ વિસ્તાર વર્ષોથી સરીસૃપો માટે નેચરલ હેબિટેટ એટલે કે કુદરતી નિવાસ છે પરંતુ હવે વિકાસનો 'ડંખ' આ વિસ્તારના સરીસૃપોને લાગી શકે તેવી શક્યતા ઉભી થઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વાવોલ ફાટકથી લઈને સે.૨૯ના ફાટક સુધી જે રેલવેલાઈન પસાર થઈ રહી છે તેની આસપાસ નીચાણવાળો અવાવરુ વિસ્તાર હોવાથી વરસાદી



પાણીનો ભરાવો પણ થાય છે તેમજ ખૂબ મોટી સંખ્યામાં ઝાડી ઝાંખરા હોવાથી સાપને દેડકા-છછૂંદર વગેરે સહિતના જીવજંતુઓનો પુરતો ખોરાક આસાનીથી મળી રહે છે તેથી આ વિસ્તારમાં વર્ષોથી સાપનો વસવાટ મોટા પ્રમાણમાં જોવા મળી રહ્યો છે જે એક રીતે જોઈએ તો સાપનું કુદરતી ઘર કહી શકાય તેમ છે. હવે મહાત્મા મંદિર તેમજ દાંડી કુટિર ઉપરાંત કેપિટલ રેલ્વેસ્ટેશન અને લીલા હોટલનો વિકાસ થવાથી અહીં વાહનવ્યવહાર સહિત માનવીય અવરજવર વધી જવા પામી છે જેના કારણે અહીં વસતા સરીસૃપો વારંવાર માનવ નજરે ચઢી રહ્યાં છે જેથી તેમની રોજીંદી જીવનચર્યા ડિસ્ટર્બ થાય છે જે તેમના માટે જોખમી સાબિત થઈ શકે છે. યુવા સ્નેક રેસ્કયુઅર દેવલ ભાવસારના જણાવ્યાં અનુસાર આ વિસ્તારમાં ઘણાં કોબ્રા અને કોમન ક્રેટ જેવા ઝેરી સાપ સહિત બિનઝેરી સાપ પણ વસવાટ કરે છે અને આ મહિને જ તેણે બે કોબ્રાનું રેસ્કયું કરીને તેમને શહેરના સાબરમતી નદી નજીકના જંગલમાં સલામત રીતે છોડી મુક્યાં હતા.

**'સાપ આપણો મિત્ર છે, સાપને મારશો નહીં' ના બોર્ડ લગાડો**

હમણાં થોડા સમય પૂર્વે જ રેલ્વે લાઈન નજીક સે.૨૫ની જીઆઈડીસીમાં એક સાપને તે બિનઝેરી હોવા છતાં ટોળાએ તેનું માથું છુંદી કાઢીને મારી નાંખ્યો હતો. જોકે સાપ ઝેરી હોય તો પણ તે દેખાય એટલે તેને મારી જ નાંખવો તે યોગ્ય નથી બલ્કે વન વિભાગ કે સાચા સ્નેક રેસ્કયુઅર્સનો સંપર્ક કરી તેને રેસ્ક્યું કરીને સલામત રીતે જંગલમાં છોડી મુકવાની તકેદારી લેવી જોઈએ કેમકે દરેક સરીસૃપનું પર્યાવરણ સમતુલામાં ખૂબ મહત્વ રહેલું છે જે યાદ રાખવું જરૂરી છે. સરકારે પણ આવા સ્થળોએ 'સાપ આપણો મિત્ર છે, સાપને મારશો નહીં' જેવા મથાળાં સાથે જાગૃતિસૂચક બોર્ડ લગાડવા જોઈએ.

**સાપ દેખાય તો ડરો નહીં કે તેને મારો નહીં**

શહેરના સ્નેક લવર્સ કલબના સર્પમિત્ર ધર્મેન્દ્ર ત્રિવેદીના જણાવ્યા મુજબ અત્યારે ચોમાસાની ઋતુ એટલે સાપ માટે પ્રજનન અને પ્રસુતિના સમય ઉપરાંત ફુડ ફેસ્ટિવલ હોય છે કેમકે શીત રક્ત ધરાવતા સરિસૃપ શિયાળામાં લાંબી શીત નિન્દ્રામાં જતાં પહેલાં ચોમાસામાં એડવાન્સમાં ખૂબ ખોરાક ખાઈને શક્તિનો સંગ્રહ કરે છે તેથી ચોમાસામાં સાપ નીકળવાની ઘટના વધી જાય છે. અત્યારે આપણાં ઘર કે દુકાન-ઓફિસની આસપાસ કે અન્ય કોઈપણ સ્થળે સાપ દેખાય તો ડરી જવાને બદલે તેનાથી દૂર રહીને વનવિભાગ અથવા સ્નેક રેસ્કયુઅર્સનો સંપર્ક કરવો જોઈએ.

**સ્નેક રેસક્યુ માટે નિઃશુલ્ક સેવા**

- ધર્મેન્દ્ર ત્રિવેદી - ૯૯૭૮૪ ૦૫૯૬૭
- કૌશલ સાધુ - ૯૯૯૮૦ ૭૭૭૦
- અમિત ગોંડ - ૮૪૦૧૪ ૮૮૫૮૮
- દેવલ ભાવસાર - ૯૬૨૪૫ ૫૨૫૫૫
- તુષાર પરીખ - ૮૭૩૪૯ ૭૦૦૬૬



## જન્મદિને વધામણી



**તુષાર બારોટ**
સિનિયર પત્રકાર
ગુજરાત સમાચાર, ગાંધીનગર
મો. ૯૮૭૯૪ ૮૨૨૩૬



**પરી દીપકભાઈ પરમાર**
મો. ૯૬૨૪૧ ૩૧૩૪૬



**ધ્યાન ઋષિકેશ અમીન**
મો. ૯૪૨૭૩ ૩૭૦૦૭



**કનુ સોલંકી**
મો. ૯૯૯૮૦ ૪૫૦૧૭



**હર્ષનંદિનીબા રવિરાજસિંહ ગોહિલ**



**ભાવનાબેન વિશાલ મકવાણા**
મો. ૮૭૩૫૮૭૧૦૪૦



**હિતેન્દ્રસિંહ ડાભી**
મો. ૯૮૨૫૮ ૯૨૧૮૬



**જીઆન ચેતનકુમાર પારેખ**
મો.૯૩૧૬૧ ૦૯૩૧૩

## આજના હિંડોળા

- સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે 'સુકામેવાની સુંદર શોભા'ના હિંડોળા યોજાશે.
- શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે ચાંદીના હિંડોળા યોજાશે.